**SSC જુલાઇ-2021**

ગુણચકાસણી/દફતર ચકાસણી

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/એચ./2021/ 427

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,

સેકટર-10/બી, સચિવાલય પાસે,

ગાંધીનગર.

તા:-01/09/2021

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:-જુલાઇ-2021 ધો.10ની પરીક્ષાની ગુણચકાસણી અને દફતર ચકાસણી કરવા બાબત.

માનનીયશ્રી,

જય ભારત ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જુલાઇ-2021 માં ધો.10 એસ.એસ.સી. પરીક્ષાના રીપિટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારોની પરીક્ષાનું પરિણામ તા:-25/08/2021ના રોજ ઓનલાઇન જાહેર કરવામાં આવેલ છે. પરિણામ બાદ પરીક્ષા આપનાર ઉમેદવારો માટે ગુણચકાસણી અને દફતર ચકાસણીની કાર્યવાહી બોર્ડ કક્ષાએ હાથ ધરવામાં આવતી હોય છે.

ગુણચકાસણી બાબત :-

જુલાઇ – 2021ના રીપિટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારનું ધો.10નું ઓનલાઇન પરિણામ તા:-25/08/2021 ના રોજ જાહેર થયેલ છે. પરિણામ બાદ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર ઓનલાઇન ગુણચકાસણીનું આવેદન ભરી શકાશે. આ માટે ઑફલાઇન / રજી. પોસ્ટ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ગુણચકાસણીનું ઓનલાઇન રજીસ્ટ્રેશન તા:-03/09/2021 થી તા:-09/09/2021 સુધી કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુણચકાસણીની જરૂરી ફી એક વિષય દીઠ 100/- રૂ. લેખે ઓનલાઇન પેમેન્ટ માધ્યમે કરવાની છે. અરજી કરવા બાબતે વિગતવાર સૂચનાઓ બોર્ડની વેબસાઇટ પર મુકેલ છે.

દફતર ચકાસણી બાબત :-

પરિણામ બાદ દફતર ચકાસણીની કાર્યવાહી જેમાં કે ઉમેદવારને આપેલા (બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાના છ વિષયોમાંથી જ) ગુણપત્રકમાં કોઇ અમુક વિષયમાં અનુપસ્થિત નોંધવામાં આવ્યો હોય તે અથવા ઉત્તરવહી પર ખોટો બેઠક ક્રમાંક લખ્યો છે કે અમુક વિષયમાં અન્ય ઉમેદવારના બેઠક નંબરથી પરીક્ષા આપેલ છે તેવા કિસ્સામાં ઉમેદવાર દ્વારા જે શાળામાંથી આવેદનપત્ર ભરેલ હોય તે શાળામાંથી આ સાથે બિડેલ પરિશિષ્ટ – 9 માં દરખાસ્ત કરવાની રહેશે અને તેમાં માંગેલ તમામ આધારોનું બિડાણ કરી તા:-03/09/2021 થી તા:09/09/2021 સુધી બોર્ડની માધ્યમિક શાખામાં "મદદનીશ સચિવ" માધ્યમિક શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (દફતર દરખાસ્ત) એમ લખીને રૂબરૂ કે રજીસ્ટર્ડ ટપાલ દ્વારા મળી જાય તે રીતે મોકલવાની

છે. સમયમર્યાદા બાદ આવેલ દરખાસ્તોને ધ્યાને લેવામાં આવશે નહીં. દફતર ચકાસણીની દરખાસ્તો માટે બોર્ડ દ્વારા કોઇ ફી નિર્ધારિત કરવામાં આવેલ નથી.

સમયમર્યાદામાં બંને કામગીરી થાય તે બાબતની સૂચના આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને થાય તેવી કાર્યવાહી કરવા વિનંતી.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ:- પરિશિષ્ટ – 9.

સવિનય નકલ રવાના જાણ સારું:-

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર.
2. માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર.
3. માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર.

## પરિશિષ્ટ-૭

**"ગેરહાજર" દર્શાવેલ અને તેવા કેસોમાં દફતર ચકાસણી માટે કરવાની અરજીનો નમૂનો**
**(સમયમર્યાદામાં મોકલેલી દફતર ચકાસણીની અરજીઓ ફી ભરવાની રહેતી નથી.)**

| દરખાસ્ત નંબર | |
|---|---|
| | |

પ્રતિ,
પરીક્ષા સચિવશ્રી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
માધ્યમિક પરીક્ષા વિભાગ,
સેકટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.

વિષય :- જુલાઇ-2021ની પરીક્ષામાં માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા દફતરની ચકાસણી બાબત.

શ્રીમાન,

સવિનય હું જુલાઇ-2021ની એસ.એસ.સી.ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટે દફતર ચકાસણી માટે અરજી કરું છું, જેની વિગતો નીચે પ્રમાણે છે.

1. જે વિષયમાં દફતર ચકાસણી કરાવવી હોય તે વિષયનું નામ ..........................................
2. કઇ ભાષામાં આ વિષયના પેપરમાં જવાબ આપ્યા છે. ..........................................
3. ગુણપત્રકમાં આ વિષયની શું સ્થિતિ દર્શાવી છે ? ..........................................
4. પરીક્ષાનું કેન્દ્ર અને બેઠક નંબર ..........................................
5. જો ઉમેદવારે જવાબવહી ઉપર ખોટો બેઠક નંબર લખ્યો હોય તો જવાબવહી ઉપર જે બેઠક નંબર લખ્યો હોય તે પુરાવા સહિત જણાવશો. ..........................................
6. ઉમેદવારનું સંપૂર્ણ નામ (અટક સાથે) ..........................................
7. ઉમેદવારનું સરનામું ..........................................
8. જે વિષયમાં દફતર ચકાસણી માટે અરજી કરી હોય તે વિષયના ગમે તે સવાલના જવાબ દર્શાવતું આખું પાન ભરીને તેના નમૂના દાખલા હસ્તાક્ષર તે નીચે તેમની તથા આચાર્યશ્રીની સહી સહિતના સામેલ કરવા. ..........................................
9. અરજી સાથે ઉમેદવારની ગુણપત્રકની નકલ તેમજ ફી રસીદની ઝેરોક્ષ નકલ અચૂક મોકલવી. ..........................................

ઇતર નોંધ : ..........................................

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી

સવિનય રવાના , મેં. આચાર્યશ્રી મારફત

ક્રમાંક : ..........................

તારીખ : ..........................

શાળાનો ઇન્ડેક્ષ નંબર : - .....................

સ્થળ : ................................

તારીખ : ................................

..........................................

શાળાના વડાની સહી / સિક્કો